Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# મહાત્મા ગાંધીજીના યંત્રવાદ અંગેના વિચારો

**પ્રા. બીના આર. ચૌધરી***

ગાંધીજીના યંત્રો અંગેના વિચારોએ ખૂબ જ વિવાદ જગાડ્યો હતોતેથી એક એવી માન્યતા હતી કે ગાંધીજી યંત્રવાદનાવિરોધી હતા. ગાંધીજીએ શરૂઆતમાં યંત્રો અંગે જે વિચારો રજૂ કર્યા તે એકતરફી હતા પરંતુ સમય જતા તેમના વિચારોમાં પરિવર્તન આવતું ગયુંગાંધીજી યંત્રોની નાબૂદી માટે આગ્રહ રાખતા ન હતા તેમણે યંત્રોની મર્યાદા જણાવી છે. “જે મને સારી રીતે ઓળખતા નથી તેમના મતે હું યંત્રોનોવિરોધી છું  તેમ કહીને મને બદનામ કર્યો છે.”

“મારો ઉદેશ યંત્રોનો નાશ કરવાનો નથી પરંતુ તેની ઉપર મર્યાદા લાવવાનો છે”

“મારો વિરોધ યંત્રોની ઘેલછા સામે છે યંત્રો સામે નહી મને પણ સમય અને શ્રમની બચત થાય તેવી ઈચ્છા છે પરંતુ તેનો લાભ કોઈ એક વર્ગને નહી પણ તમામ વર્ગોને મળવો જોઈએ.”

“જે યંત્રો ઝૂપડપટ્ટીમાં રહેતા લોકોનો ભાર હળવો કરે તેમજ શારીરિક શ્રમમાં ઘટાડો કરે તેવા જ યંત્રોને હું આવકારું છું ”

“જે યંત્રો લોકોની કામ કરવાની તક છીનવી ન લેય પણ વ્યક્તિને મદદરૂપ બને કાર્યક્ષમતામાં વધારો કરે તથા માનવીને યંત્રોના ગુલામ નબનાવતા હોય તેવા યંત્રોને ગામડાના ઉધોગોની પ્રવૃત્તિ માટે આવકારું છું”

“જો દરેક ગામડામાં વીજળી પ્રાપ્ત થાય અને ત્યાંના લોકો તેમના સાધનો વીજળીથી ચલાવે તો તેની સામે મને કોઈ વાંધો નથી”

---

*પ્રા. બીના આર. ચૌધરી , આણંદ આર્ટસ કોલેજ,આણંદ

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ઉપરના વિધાનો પરથી એવું તારણ તારવી શકાય કે ગાંધીજી યંત્રોના વિરોધી ન હતા લોકો યંત્રોના ઉપયોગ પાછળ ગાંડા બની ગયા છે તેની સામે વિરોધ હતો એક વખત ગાંધીજીને એવું પૂછવામાં આવ્યું કે તમે યંત્રોના વિરોધી છો?તેના જવાબમાં ગાંધીજીએ જણાવ્યું કે કોઈ મોટું મકાન બંધાતું હોય અને સાતમે કે આઠમે માળે ઈંટ કે મોટા પત્થરો ચડાવવાના હોય તો તે મજૂરો માટે કષ્ટદાયક છે. આ જગ્યાએ યંત્રોનો ઉપયોગ યોગ્ય ગણાય

કરોડોની વસ્તી ધરાવતા ભારતમાં યંત્રોથી બેકારી વધે અને થોડાક લોકો પાસે જ સમૃદ્ધિ જમા થાય તો આવકની અસમાનતામાં વધારો થાય છે. આ બાબત પણ ગાંધીજીના યંત્રોના વિરોધ પાછળનું મોટુ કારણ હતું ગાંધીજીએ જણાવ્યું કે સીવવાનો સંચો ગરીબ વ્યક્તિને વધારાની આવક આપે છે. આથી તેનો ઉપયોગ યોગ્ય છે, પરંતુ સુતરાઉ કાપડની મિલમાં મોટા યંત્રોનો જે ઉપયોગ થાય છે તેનાંથી અનેક હસ્તઉધોગો પડી ભાંગે છે. તેથી આવા મોટા કદના યંત્રોનો તેઓ વિરોધ કરે છે.

તે સમયગાળા દરમિયાન એવું કહેવાતું હતું કે આપણે પણ યંત્રોનો લાભ લેવો જોઈએ ત્યારે ગાંધીજીએ જણાવ્યું કે ભારત એ રસ્તે ચાલે તો દરેક માણસની ગુલામી વધી જાય. ગામડામાં ઓછામાં ઓછા દસ મજૂર જે કામ કરે છે તેટલું જ કામ યંત્રની મદદથી કારખાનાનો એક મજૂર કરે છે. ગામડાના દસ માણસની રોજી છીનવીને આ એક માણસ ગામડામાં કમાતો તેના કરતા વધારે કમાય છે. તેમની સમજ એવી હતી કે જ્યાં કરોડો માણસો કામ વિનાના બેસી રહ્યા છે ત્યાં મજૂરી બચાવનારા યંત્રોનો વિચાર કરવાથી કોઈ લાભ થતો નથી તેમણે જણાવ્યું કે એક કારખાનું થોડાક લોકોને રોજી આપે છે પરંતુ હજારોને બેકાર બનાવે છે મિલ દ્વારા તેલ કાઢી શકાય છે પણ હજારો ઘાણીવાળાને બેકાર બનાવીને.

“આને હું સંહારક શક્તિ કહું છું, જયારે કરોડોની હાથ મજૂરીની પેદાશ રચનાત્મક શક્તિ છે.”

ઘણી વાર તેમને કહેવામાં આવતું કે“એમ તો રેંટીયો પણ યંત્ર છે.” યંત્રો વિષે ગાંધીજીનો વિરોધ આકરો હોવા છતાં જડ ન હતો.

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

ગાંધીજીના યંત્રોના વિરોધમાં કાપડ ક્ષેત્ર મુખ્ય હતું કેમકે એ જમાનામાં કાપડની મિલો ધમધમતી હતી. એક વાર શરૂથયેલી મિલો એકાએક બંધ ન થાય એટલું તો ગાંધીજી સમજતા હતા. એટલે "હિંદ સ્વરાજ"માં તેમણે લખ્યું હતું કેમિલવાળા તેમનું કામ ન વધારે અને ધીમે ધીમે ઓછુ કરીને ઘરે ઘરે જૂના રેંટીયાની સ્થાપના કરે તેમજ લોકોનું વણેલું કાપડ ખરીદે અને વેચે.

ભારે યંત્રોના ઉપયોગનો સ્વીકાર કરતા ગાંધીજી કહે છે કે "ભારે યંત્રોનો ઉપયોગ જાહેર ઉપયોગી સેવા માટે થવો જોઈએ કે જે સેવાઓ માનવીના શ્રમથી થઇ શકે તેમ નથી, પરંતુ આ યંત્રોની માલિકી રાજ્યોની હોવી જોઈએ અને તેનો ઉપયોગ લોકોના ભલા માટે થવો જોઈએ." તેમણે યંત્રોને, વીજળી શક્તિને તેમજ મોટા ઉધોગોને અર્થતંત્રમાં સ્થાન આપ્યું છે પરંતુ કેટલીક શરતો મૂકી હતી તેમણે જણાવ્યું કે યંત્રોના ઉપયોગથી લોકોની રોજગારી ઝૂટવાઈ જવી ન જોઈએ. યંત્રોએ ગામડાઓનું શોષણ ન કરવુંજોઈએ. યંત્રોએ ગ્રામ્ય ઉધોગો સાથે હરીફાઈ ન કરવી જોઈએ. યંત્રોએ ગામડાના કારીગરોની મહેનત ઘટાડવી જોઈએ અને કાર્યક્ષમતા વધારવી જોઈએ. યંત્રો દ્વારા કારીગરોનું શારીરિક સ્વાસ્થ્ય જોખમમાં ન મુકાવું જોઈએયંત્રોના ઉપયોગથી સંપત્તિ અને શક્તિ થોડાક જ લોકોના હાથમાં કેન્દ્રિત ન થવી જોઈએ. આમ યંત્રોના ઉપયોગથી શોષણ ન થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ.

આ રીતે જોતા સ્પષ્ટ થાય છે કે ગાંધીજી યંત્રોના વિરોધી ન હતા તેમણે તો જણાવ્યું હતું કે યંત્રોના ઉપયોગથી કારીગરો બેકાર બનવા ન જોઈએ ગાંધીજી ખરેખર તો યંત્રોના ઉપયોગ પર મર્યાદા મૂકવા માંગતાહતા.

"મારો હેતુ યંત્રોની સંપૂર્ણ નાબૂદી નહિ પણ મર્યાદા.છે

આમ ગાંધીજીએ યાંત્રિકરણનો પ્રશ્ન ગામડાઓને ધ્યાનમાં રાખીને વિચાર્યો હતો ગામડાઓનો વિકસ કરવા માટે યાંત્રિકરણ નહિ અપનાવતા નાના અને ગૃહ ઉધોગોના વિકાસને મહત્વ આપ્યું હતું આધુનિક અર્થશાસ્ત્રીઓ જણાવે છે કે ગાંધીજીના વિચારોને અમલમાં મૂકવામાં

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

આવે તો આધુનિક પ્રગતિનું શું?આર્થિક વિકાસની પ્રક્રિયામાં મૂડી નિર્માણ કઈ રીતે થાય? બચતના સાધનો કેવી રીતે ભેગા કરી શકાય? શ્રમ વિભાજનનો લાભ કઈ રીતે મેળવી શકાય?

આવા જુદા જુદા અનેક પ્રશ્નો જોવા મળે છે. કેટલાક વિચારકો જણાવે છે કે જો ગાંધીજીના વિચારો પ્રમાણેનું જીવન જીવવામાં આવે તો સમાજને૧૮મી સદીમાં પાછો લઇ જશે. આમ ગાંધીજીના વિચારોની કેટલીક ટીકાઓ થઇ છે છતાં કેટલાક નિષ્ણાંતો જણાવે છે કે "ગાંધીજી પોતે જીવનભર વિકસતા રહ્યા છે તે જોતા તેમના મુક્ત વિચારોને વળગી રહેવાનો આગ્રહ ભાગ્યે જ ન્યાયકર્તા ગણાય."

યંત્રોનો વિરોધ કરીને ગાંધીજી સ્વદેશીઓ, રોજગારીનું સર્જન, ગામડાના અર્થતંત્રને ધબકતું કરવું લોકોને આળસથી બચાવવા, અસમાનતા વધતી રોકવી વગેરે જેવા જુદા જુદા હેતુઓ સિદ્ધ કરવા ઈચ્છતાં હતા

સંદર્ભ :


- ➔ આર્થીઈક વિચારધારાનો ઈતિહાસ – પોપ્યુલર પ્રકાશન સુરત
- ➔ સત્યના પ્રયોગો